GJVD020088922019

−:: ફોજદારી કેસ નં.૭૪૩૫/૨૦૧૯ ::−

−:: આંક ૧ લગત હુકમ ::−

આ કામનુ રેકર્ડ, રોજકામ વગેરે પેપર્સ વંચાણે લીધા. હાલના કામમાં કેસની આગળની કાર્યવાહી માટે છેલ્લા ધણા સમયથી ફરીયાદીની અદાલત રૂબરૂ હાજરીની જરુર છે. આ કામમાં ફરીયાદી કે તેઓના વિ.વ.શ્રી આજરોજ કોર્ટ રૂબરૂ હાજર રહેલા નથી કે કોઈપણ પ્રકારનો રીપોર્ટ રજુ રાખેલ નથી. ફરીયાદીની વર્તણુંક એવી છે કે આ કામમાં આરોપી ચેનકેન પ્રકારે હેરાન થાય તેવુ પ્રથમ દર્શનીય રીતે જણાય છે. હાલનો કેસ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ તળેનો છે અને સદર કેસ ઝડપી ચલાવીને નીકાલ કરવાનો હોય છે અને આ કેસમાં ચેનકેન પ્રકારે ફરીયાદપક્ષ કોર્ટ રૂબરૂ હાજર રહેતા નથી. આમ માત્ર ફરીયાદીની બેદરકારીના કારણે હાલનો કેસ વિલંબમાં પડેલ છે. નામદાર બોમ્બે હાઈકોર્ટના ચુકાદા ૨૦૦૪ (૧) ડીસીઆર ૫૬૮ : મેસર્સ મરચન્ટ સોમાજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ પ્રા. લી. વિ. બ્રીજ મહેરા વિગેરેના તેમજ ફો. અ. નં.૪૫૦/૨૦૦૩ : મે. કોઠારી એન્ટરપ્રાઝીસ વિ. મે. ધરેન્દ્ર એગ્રો ફુડ ઈન્ડસ્ટ્રીઝ મુજબ ફરીયાદીની ગેરહાજરીને કારણે આરોપીને નીર્દોષ ઠરાવી મુક્ત કરેલા. હાલના કેસમાં પણ ફરીયાદી સતત ગેરહાજર રહેલ છે અને તેમની બેદરકારી અને ગેરહાજરીને કારણે જ હાલનો કેસ

ઘણા સમયથી પડી રહેલ છે. ફરીયાદીને હાલનો કેસ ચલાવવામાં રસ ન હોય તેવુ જણાતુ હોય અને પુરતી તકો આપેલ હોવા છતાં ફરીયાદી કોર્ટ રૂબરૂ હાજર થયેલ ન હોય, આ તમામ સંજોગો ધ્યાને લઈને ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

-:: હુકમ ::-

- ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૬ અન્વયે હાલની ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીને કારણે રદ્ કરવામાં આવે છે. આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૯મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૩ ના રોજની નેશનલ લોક-અદાલત દરમીયાન યોજાયેલ સ્પેશીયલ સિટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:-** સ્પેશીયલ સિટીંગ, વડોદરા
**તારીખ:-** ૦૯/૦૯/૨૦૨૩

**(એઝાઝઅલી મખ્દુમઅલી બુખારી)**
**(જી.જે.૦૧૪૯૨)**
**૧૫માં એડી. સીની. સીવીલ જજ**
**અને એડી. ચીફ જ્યુડી. મેજી., વડોદરા.**